


# IIT-GN સ્ટુડન્ટ્સની પ્રોમ નાઈટ



● દર વર્ષે સ્ટુડન્ટ્સ દ્વારા ઇન્ટરકોલેજ કલ્ચરલ ફેસ્ટિવલનું પણ આયોજન કરવામાં આવે છે





**અમદાવાદ : ૬ જાન્યુઆરી ૨૦૧૫**

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગરના સ્ટુડન્ટ્સ દ્વારા તેના કલ્ચરલ ફેસ્ટિવલ 'જશન'નું આયોજન કરવામાં આવ્યું હતું. ઇવેન્ટના છેલ્લાં દિવસે સ્ટુડન્ટ્સ દ્વારા પ્રોમ નાઇટનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટુડન્ટ્સે પ્રોમ નાઇટ માટે ખાસ પેરમાં આવવાનું હતું સાથે જ બોય્ઝને સુટ, ટાઇ અને ફોર્મલ શર્ટ તો ગર્લ્સને વનપીસમાં પાર્ટીમાં આવવાનું કહેવામાં આવ્યું હતું. સ્ટુડન્ટ્સે પાર્ટીને ભરપૂર એન્જોય કરી હતી. સ્ટુડન્ટ્સ વચ્ચે ઇન્ટરેક્શન વધે તે માટે દર વર્ષે ઇન્ટર કોલેજ કલ્ચરલ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે.